# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-12-2024 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક**, AIR** ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન **AIR** મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર**,** દૂરદર્શન સમાચાર**,** પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

---------------------------------------------------------------------------

## SWAR-પ્લેટફોર્મ:

25 ડિસેમ્બર સુશાસન દિવસના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના લોકોને ઉપયોગી થાય તે માટે સીએમઓ ની વેબસાઇટ પર "રાઇટ ટુ સીએમઓ" માટે સ્પીચ ટુ ટેકસ્ટ સુવિધાને સજ્જ કરનાર SWAR પ્લેટફોર્મનો શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયની ભાષિણી ટીમ સાથે મળીને ભાષાના અવરોધો દૂર કરી ટેક્નોલોજીના ઉપયોગથી આ પ્લેટફોર્મ વિકસાવાયું છે. જેના થકી હવે ગુજરાતના નાગરિકો રાજ્ય સરકારની વેબસાઇટ ઉપર બોલીને પોતાની અરજી કે ફરિયાદ નોંધાવી શકશે.

ઉલ્લેખનીય છે કે ટેક્નોલોજીથી સજ્જ આ પ્લેટફોર્મના માધ્યમનો વધુને વધુ નાગરિકો ઉપયોગ કરીને રાજ્ય સરકાર સુધી પોતાની ફરિયાદ પહોંચાડી શકશે. જે ફરિયાદ નિવારણ પદ્ધતિ અને પ્રતિસાદ પ્રણાલીને સુધારવામાં મદદરૂપ થશે.

---

## વિકસિત ભારત યંગ લિડર્સ ડાયલોગ:

ગાંધીનગર ખાતે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટિચર્સ એજ્યુકેશન ખાતે વિકસિત ભારત યંગ લિડર્સ ડાયલોગ  અંતર્ગત રાજ્ય કક્ષાની સ્પર્ધા  ગઈકાલે યોજાઇ હતી.

ભારત સરકારના યુવા બાબતો અને રમત મંત્રાલય એનએસએસ તેમજ માય ભારતના સંયુક્ત ઉપક્રમે યજાયેલી આ સ્પર્ધામાં ગુજરાતભરમાંથી પસંદ કરાયેલા યુવાનોએ ભાગ લીધો હતો. જેમાં  દસ અલગ અલગ વિષયવસ્તુ સાથે રાજ્યભરના 83 હજાર યુવાનોએ પોતાની વાત રજૂ કરી હતી.

આ સ્પર્ધકોમાં પસંદ થયેલા 45 જેટલા યુવકો દિલ્હીમાં 11 અને 12 જાન્યુઆરીએ યોજાનારા રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025માં ભાગ લેશે, જ્યાં પ્રધાનમંત્રી નરેદ્ર મોદી સમક્ષ તેમને પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવાનો મોકો મળશે.

---

## વિશ્વ ચેસ ચેમ્પિયનની PM સાથે મુલાકાત:

વિશ્વ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ ગઇકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી ડી ગુકેશના નિશ્ચય અને સમર્પણની પ્રશંસા કરતા કહ્યું કે તેમનો આત્મવિશ્વાસ પ્રેરણાદાયક છે. શ્રી મોદીએ કહ્યું કે સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બનવાનો શ્રેય તેમના પોતાના પ્રયાસોને જાય છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ગુકેશ સાથેની તેમની વાતચીત યોગ અને ધ્યાનની પરિવર્તનશીલ સંભાવનાઓ પર કેન્દ્રિત હતી. ગુકેશના માતા-પિતાને તેમના અતૂટ સમર્થન બદલ અભિનંદન આપ્યા હતા.

---

## હવામાન

કમોસમી વરસાદની આગાહી વચ્ચે કચ્છમાં માવઠાની તો ઘાત ટળી ગઇ છે પરંતુ ઠંડીની ધાર કચ્છમાં વધુ તેજ બની છે. ગઇકાલે એકસામટો પારો 6.3 ડિગ્રી નીચે સરકતાં નલિયા સહિત તાલુકામાં ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. કાતિલ ઠારની અસર જનજીવન તેમજ પશુઓ પર પડી રહી છે. નલિયાની બજારમાં બપોર પછી ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોની સંખ્યા ઘટી છે. જિલ્લામાં ગઇકાલે ઠંડીથી બચવા લોકોને આખો દિવસ ગરમ કપડામાં લપેટવાની ફરજ પડી હતી.

---------------------------------------------------------------------------------

## કચ્છ-જીલ્લા કક્ષાનો ગણિત વિજ્ઞાન પ્રદર્શન:

અંજાર તાલુકાની મીઠા પસવારીયા પ્રાથમિક શાળાએ વાંઢાય ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાનું ગણિત - વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ નંબર મેળવી હવે ઝોન કક્ષાએ પોતાનું યોગદાન નોંધાવી કચ્છનું પ્રતિનિધિત્વ કરશે. મીઠા પસવારીયા શાળાના બાળ વૈજ્ઞાનિકો દ્વારા ગાણિતિક જ્ઞાનનો, વ્યવહારમાં ઉપયોગી દષ્ટિકોણ સાથે, ગાણિતિક મોડેલ અને કોમ્પ્યુટેશનલ થિંકિંગનું જોડાણ કરતું મોડેલ બનાવ્યું હતું. આ મોડેલના કારણે ગણિત પ્રત્યેનો હાઉ દૂર થાય છે. હસતા રમતા ગાણિતિક પાયાનું જ્ઞાન મેળવી શકાય છે.

---------------------------------------------------------------------------------

## ઇસરો- અવકાશ ઉપગ્રહ પરિક્ષણ :

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ઇસરો મહત્વનું અવકાશ ઉપગ્રહ જોડાણ પરિક્ષણ આ આવતીકાલ હાથ ધરશે. કેન્દ્રીય અવકાશ રાજ્યમંત્રી જીતેન્દ્રસિંહે જણાવ્યું છે કે, આ ઐતિહાસિક મિશનમાં બે ઉપગ્રહોને PSLV રોકેટની મદદથી અવકાશમાં મોકલ્યા બાદ તેમણે સ્વદેશી ટેકનોલોજી - ભારતીય ડોકિંગ સિસ્ટમ દ્વારા અવકાશમાં જોડવામાં આવશે.

આ મિશન સફળતાથી પૂર્ણ થતાં આવી આગવી અવકાશ ટેકનોલોજી ધરાવતા થોડા દેશોના જૂથમાં ભારત સ્થાન મેળવશે.

---

## પશ્ચિમ કચ્છ પોલીસ- નશીલા પદાર્થોનું સઘન ચેકીંગ:

નવા વર્ષની ઉજવણી માટે નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે પશ્ચિમ કચ્છના ખાવડા અને પ્રાગપર પોલીસ મથક દ્વારા ચેક પોસ્ટ પર વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે જેમાં  પ્રાગપર પોલીસે મોખા ટોલ નાકા અને ટપ્પર પાટીયા ચાર રસ્તા પાસે બ્રેથ એનેલાઇઝરનો ઉપયોગ કરી નશો કરીને વાહન હંકારતા લોકો પર ચાંપતી નજર રાખી છે. તો ખાવડા વિસ્તારમાં હાલ પ્રવાસીઓની અવરજવર વધારે છે, ત્યારે રસ્તા પર પોલીસ દ્વારા વાહનોનું ચેકીંગ સઘન કરવામાં આવ્યું છે.

---